| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| રજિસ્ટર તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૩** |

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. ૯ મા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૭૦૩/૨૦૨૬**
**આંક :**

**અરજદાર :** **ચેતનકુમાર રમેશભાઈ ઠાકોર**
ઉ.વ.આ. ૩૫, ધર્મે–હિન્દુ, ધંધો–છુટક મજુરી,
રહેવાસી–ગામ કેલીયા વાસણા, તા.ધોળકા,
જી. અમદાવાદ.
**(હાલ–સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ)**

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **સરકારશ્રી**

**<u>બાબત :– બી.એન.એસ.એસ.એકટની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

**અરજદાર/આરોપી તરફે : વિ.વકીલ શ્રી એલ.એમ. ગોસ્વામી**
**સામાવાળા તરફે : વિ. પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદી**

## – : : ચુ કા દો : : –

(૧) આ કામના અરજદાર/આરોપીએ સરખેજ પો.સ્ટે. પાર્ટ–એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૮૨૦૧૪૧૮/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪, ૪૧૩ મુજબનો ગુન્હો નોંધાયેલ, જેમાં અરજદારને ક્રિ.પ.અ.નં.૨૭૮૪/૨૦૨૧ થી નામદાર સેશન્સ કોર્ટ દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. સદર કામે ચાર્જશીટ રજુ થતા

નામદાર કોર્ટ સમક્ષ અરજદાર/આરોપી હાજર નિયમીત ન રહેતા, જેથી નામદાર કોર્ટે અરજદાર/આરોપી વિરુધ્ધ પકડ વોરંટ ઈસ્યુ કરેલ, જે અંગે અરજદારને જાણન હતી પરંતુ તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ મુદ્દત તારીખ હોય, હાલના અરજદાર નામ.કોર્ટમાં હાજર રહેલા હોવાથી અરજદાર વિરુધ્ધ વોરંટ ચાલતુ હોવાથી નામ.કોર્ટે અરજદાર/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં લીધેલ છે. અરજદાર/આરોપી હાલમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. જેથી ગુન્હાના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદી હાજર થયેલ છે અને તેઓ દ્ધારા તપાસનીશ અધિકારીનું સોગંદનામું તથા તપાસના કાગળો રજૂ કરવામાં આવેલ છે.

(૩) અરજદારના વિધ્વાન વકીલશ્રી ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, અરજદારને મુદ્દત તારીખની જાણ ન હોવાના કારણે હાલના અરજદાર શરતચુકથી નિયમિત મુદ્દત તારીખે નામ.કોર્ટમાં હાજર રહી શકેલા નહીં અને તેના કારણે નામ.કોર્ટ તેઓને જ્યુડી. કસ્ટડીમાં મોકલી આપેલ છે. અરજદાર/આરોપી મથાળે લખેલ સરનામે તેમના કુટુંબીજનોની સાથે કાયમી સ્થાયી વસવાટ ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેવા નથી. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો અરજદાર દરેક મુદ્દતે નામ.કોર્ટમાં નિયમિત હાજર રહેવાની ખાત્રી આપે છે. અરજદાર/આરોપી નામ.કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનો ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે તેમ જણાવી અરજદારની હાલની અરજી મંજુર કરી અરજદારને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ત્રિવેદી ધ્વારા એફ.આઈ.આર. તથા તપાસનીશ અધિકારીના સોગંદનામાંની અને તપાસના કાગળોની વિગતે રજુઆત કરવામાં આવેલ છે કે આ કામે હાલના અરજદાર વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૭૯, ૧૧૪, ૪૧૩ જેવા ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે. વધુમાં

તેઓએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીનાઓ આ પ્રકારના ગુના કરવાની ટેવવાળા હોય જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી વખત આ પ્રકારના અન્ય ગુન્હા આચરે તેવી શકયતા હોય તેમજ ભવિષ્યમાં ન્યાયિક કાર્યવાહી દરમ્યાન હાજર રહે નહી તેવી સંભાવના હોય જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદારની હાલની જામીન અરજી વંચાણે લીધી. અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ થયેલ સોગંદનામું તથા તપાસના કાગળો વંચાણે લીધા. બંને પક્ષકારોની રજુઆતો સાંભળી.

(૬) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે એ હકીકત સ્પષ્ટ થાય છે કે અરજદાર/આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૧૪, ૪૧૩ અન્વયેના ગુન્હા કર્યાના આક્ષેપો છે. વધુમાં રેકર્ડ પરથી આ કામના અરજદાર/આરોપીને તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજથી જયુડીશીયલ કસ્ટડીમાં જેલમાં હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. વધુમાં આ ગુન્હાના કામે રજૂ થયેલ તપાસનીશ અધિકારીનું સોગંદનામુ તથા તપાસના કાગળો ધ્યાને લેતાં અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે, યુવાન વયના છે, આ કામે સદર ગુન્હાની તપાસ ચાલુ છે. ત્યારબાદ ચાર્જશીટ થતા અને ટ્રાયલ પૂર્ણ થતા લાંબો સમય જાય તેમ છે. આમ, હાલના અરજદારની કસ્ટડીની તપાસના કામે વધુ કોઈ જરૂરીયાત હોવાનું જણાઈ આવતુ નથી.

(૭) આમ, આ કેસના ઉપરોકત તમામ સંજોગો તથા ગુન્હાનુ સ્વરૂપ, અરજદારનો રોલ, તપાસના કામે અરજદારની જરુરીયાત, ટ્રાયલનો લાંબો સમયગાળો, અરજદારની વર્તણુંક, અરજદારની ટ્રાયલ સમયની હાજરી વિગેરે મુદ્દાઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતે **AIR 1984 (SC) 372 "Bhagirathsinh Jadeja Vs. State of Gujarat"** તથા **(2012) 1 SCC 40 "Sanjy Chandra Vs. CBI"** તથા Special Leave to Appeal (Cri.) 5191 of 2021 **"Satender Kumar Antil Vs. CBI & Ors."** ના ચૂકાદાઓમાં

જામીન અંગેના જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે, તે સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આ કામના અન્ય સહ આરોપીને વિ.ટ્રાયલ કોર્ટેઅત્રેની અદાલત ધ્વારા રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય, હાલના અરજદાર/આરોપી પેરીટીના સિધ્ધાંતનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાતુ હોય, સદર કામે આ કોર્ટને હાલના અરજદાર/ આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ હોય અને ન્યાયના વિશાળ હિતમાં હાલની જામીન અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી **ચેતનકુમાર રમેશભાઈ ઠાકોર** નાઓને **રૂા.૧૦,૦૦૦/– (અંકે દશ હજાર પુરા)**ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**શરતો :–**

**/૧/** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા ફોડવા પ્રયત્ન કરવો નહી કે ફરીયાદી, સાહેદો ને કોઈ ધાક ધમકી આપવી નહી.

**/૨/** અરજદાર/આરોપીએ પોતાના રહેણાંકનું પુરુ સરનામુ પોતાના મોબાઈલ નંબર અને જરૂરી આધાર પુરાવા સાથે લેખીત પુરસીસથી અત્રેની કોર્ટમાં જાહેર કરવુ અને કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

**/૩/** અરજદાર/આરોપીએ તેમની વિરૂધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**/૪/** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

/૫/ અરજદાર/આરોપીએ કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહી કે અન્ય કોઈ ગુના આચરવા નહી.

/૬/ જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૫ માં અત્રેની કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે પોતાનું સોગંદનામું રજુ કરવુ.

હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ તા. ૧૩ મી માહે માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
SANJAYKUMAR CHHAGANBHAI MAKVANA
on 13/03/2026 18:26:00 IST.

(સંજયકુમાર છગનભાઈ મકવાણા)
૧૦ મા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય) અમદાવાદ.
જી.જે. ૦૦ ૯૨૦

તારીખ: ૧૩/૦૩/૨૦૨૬
અમદાવાદ.